# લુદિયા વેપારી અને ઈશ્વરોપાસિકા
## ફાધર વર્ગીસ પોલ

લુદિયા વિશે નવા કરારમાં ઝાઝી માહિતી નથી, પણ પ્રેષિતોનાં ચરિતોમાં જે થોડીઘણી માહિતી મળે છે તે લુદિયા વિશે ઘણું કહી જાય છે.

પ્રેષિતોનાં ચરિતોમાં આપણે વાંચીએ છીએ તેમ ફિલિપ્પી મકદોનિયા પ્રાંતનું મુખ્ય શહેર છે, પ્રાંતનું મુખ્ય શહેર છે, અને ત્યાં રોમનોની વસાહત છે (પ્રે.ચ. ૧૬, ૧૨). મહાન સિકંદર (ગ્રીસના બાદશાહ અલેકઝાન્ડર)ના પિતા ફિલિપ મોસેડાને ફિલિપ્પીએ સ્થાપેલા રોમન વસાહતનું એક મહત્વનું શહેર હતું ફિલિપ્પી.

પોતાની મિશનરી મુસાફરી દરમિયાન પાઉલ અને સાથીદારો ફિલિપ્પી શહેરમાં કેટલાક દિવસો રોકાયા છે. શહેરમાં કોઈ યહૂદી મંદિર ન હોવાથી વિશ્રામવાર દિવસે પ્રાર્થનાની જગ્યાની શોધમાં પાઉલ અને સાથીદારો નદી કિનારે ગયા. અને ત્યાં ભેગી થયેલી સ્ત્રીઓને ઉપદેશ આપવા માંડયો.

પાઉલ અને સાથીદારો ફિલિપ્પી ગયાની વાત આપણે પ્રેષિતોનાં ચરિતોમાં વાંચીએ છીએ. એ (ફિલિપ્પી) મકદાનિયા પ્રાંતનું મુખ્ય શહેર છે, અને ત્યાં રોમનોની વસાહત છે. એ શહેરમાં અમે થોડા દિવસ રહ્યા. વિશ્રામવારને દિવસે અમે દરવાજાની બહાર નદી કિનારે ગયાં. ત્યાં પ્રાર્થનાની જગ્યા હશે એમ ધારી અમે બેઠા અને ભેગી થયેલી સ્ત્રીઓને ઉપદશ આપવા માંડયો. સાંભળનાર સ્ત્રીઓમાં લુદિયા નામની એક બાઈ હતી. એ થુવાતિરાની વતની હતી અને કિરમજી કાપડનો વેપાર કરતી હતી. તે ઈશ્વરોપાસિકા હતી (પ્રે.ચ. ૧૬, ૧૨-૧૪).

અહીં લુદિયાને ભેટો થાય છે. તે એક વેપારી અને ઈશ્વરોપાસિક સ્ત્રી છે. લુદિયા જુવાતિશની વતની હતી અને કિરમજી કપડાંનો વેપાર કરતી હતી. એટલે તે એક ધનિક સ્ત્રી હોઈ શકે.

લુદિયાનું વર્તન બતાવે છે તે એ એક ઉદાર અને ખુલ્લા દિલની સ્ત્રી છે. એટલે ઈસુ ખ્રિસ્ત અંગેની પાઉલની વાત ગ્રહણ કરી શકે છે. એમની પાસે મોટું ઘર પણ હશે. એટલે તે પાઉલ અને સાથીદારને પોતાને ત્યાં આવીને રહેવા આમંત્રણ આપે છે.

સંત લૂક લખે છે, પ્રભુએ તેના મનને જાગ્રત કર્યું એટલે તેણે પાઉલનું કહ્યું ગ્રહણ કર્યું. તેના કુટુંબના માણસો સાથે તેને સ્નાનસંસ્કાર કરાવ્યા. (પ્રે.ચ. ૧૪-૧૫).

સંત પાઉલે કરેલી ઈસુના સંદેશની ઘોષણા થી પ્રભાવિત થઈને લુદ્યા યુરોપની ધરતી પર સ્નાનસંસ્કાર

સ્વીકારનાર પ્રથમ વ્યક્તિ બની એટલું જ નહિ પણ યુરોપમાં પોતાના આખા કુટુંબને ઈસુના ચરણે લાવીને યુરોપના પ્રથમ મિશનરી પણ બની.

પણ લુદિયાનો પ્રેમ તથા ઉદારતા કેવળ પોતાના કુટુંબ પૂરતી મર્યાદિત નહોતી. તેમણે આગ્રહભરી રીતે પાઉલ અને સાથીદારોને તેમના થુવાતિરાના વાસ દરમિયાન પોતાને ઘેર આવીને રહેવાનું આમંત્રણ આપ્યું. મને પ્રભુ ઉપર શ્રદ્ધા છે એવી જો તમારી ખાતરી થઈ હોય તો તમે મારા ઘરમાં આવીને રહો. અને તે અમને પોતાને ઘેર લઈ ગઈ ત્યારે જ જંપી (પ્રે.ચ. ૧૬, ૧૫).

લુદિયાને ઘેર રહીને અને એમની મહેમાનગીરી માણીને પાઉલ અને એમના સાથીદારો નહી કિનારે પ્રાર્થનાની જગ્યા પર નિયમિત જતા હતા અને પાઉલને સાંભળવા અને એમની સાથે પ્રાર્થના કરવા ઈચ્છતા લોકો સાથે તેઓ મળતા હતા.

નદી કિનારે જતી વખતે એક ગુલામ છોકરી પાઉલ અને તેમનાં સાથીદારોની પાછળ પાછળ તે બોલી ઊઠતી હતી, કે આ લોકો પરાત્પર પરમેશ્વરના સેવકો છે અને તમને મુક્તિનો માર્ગ બતાવે છે (પ્રે.ચ. ૧૬, ૧૭).

લૂકે નોંધ્યું છે કે, તેણે ઘણા દિવસ એ પ્રમાણે કર્યા કર્યું. એક દિવસ એનાથી કંટાળીને પાઉલે ઉદ્દેશીને કહ્યું, ઈસુ ખ્રિસતને નામે હું તને એનામાંથી બહાર નીકળવાની આજ્ઞા કરું છું. અને તે જ ક્ષણે તે બહાર નીકળી ગયો (પ્રે.ચ. ૧૬, ૧૮).

જ્યારે ગુલામ છોકરીના માલિકને તે છોકરી દ્વારા પોતાને મળતો લાભ બંધ થયો છે ત્યારે તેણે પાઉલ અને સિલાસને અધિકારીઓ પાસે ચોકમાં લઈ ગયા ઇને તેમના પર ખોટા આરોપો મૂક્યા.

ન્યાયાધીશોએ તેમને સખત ફટકા મરાવીને જેલખાનામાં નાખ્યા. જેલખાનામાં બનેલા અસાધારણ બનાવથી જેલર તેમના ઘરના સૌને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો. અને રાતે ને રાતે જેલરે પાઉલ અને સિલાસના ઘા ધોયા અને તેમને જમાડયા.

બીજા દિવસે ન્યાયાધીશોએ પાઉલ અને સિલાસને છોડી મૂકવાનો સંદેશ મોકલ્યો. પરંતુ પાઉલે સંદેશ લાવનારને કહ્યું કે કોઈ ગુના વિના અમે રોમન નાગરિકોને જાહેરમાં ફટકા મારવા બદલ જેલમાં આવી માફી માગીને બહાર કાઢવામાં આવે તો જ તેઓ બહાર નીકળશે. પાઉલના કહ્યા મુજબ ન્યાયાધીશોએ આવીને માફી માગી ત્યારે જ પાઉલ અને સિલાસ પાછા લુદિયાને ઘેર ગયા.

જાહેરમાં ફટકો ખાવાનો અને જેલમાં પુરાઈ રહેવાનો અનુભવ થયા પછી તેઓ લુદિયાને ઘેર પાછા ગયા. જેલખાનામાંથી નીકળીને તેઓ લુદિયાને ઘેર ગયા, ધર્મબંધુઓને મળ્યા અને તેમને ઉત્સાહ આપી વિદાય

થયા (પ્રે.ચ. ૧૬, ૪૦).

લુદિયાને ઘેર મળતા નવા બનેલા ઈસુના અનુયાયીઓને પાઉલ અને સિલાસે વેઠેલા સત્તામણી અને દુઃખોના અનુભવ વિશે અને પાઉલના પ્રોત્સાહનના સંદેશા વિશે સાંભળ્યા પછી બરાબર ખ્યાલ આવ્યો હશે કે ઈસુને અનુસરવાની બાબત નાનીસૂની વાત નથી.

યુરોપીયન ધરતીના આ પ્રથમ ધર્મસંઘ પર એટલે પાઉલે ફિલિપ્પીના ધર્મસંઘ પર પત્ર લખ્યો છે. ફિલિપ્પી ખાતેના ધર્મસંઘ પ્રત્યે પાઉલનો પ્રેમ અને આપણને ખ્યાલ આવે છે. દેખીતી રીતે વેપાર તથી મહેમાનગિરીમાં આગળ પડતો ભાગ ભજવતી લુદિયાએ ત્યાંના ધર્મસંઘના જન્મ અને વિકાસમાં પાયારૂપ ફાળો આપ્યો છે.